અપીલ અરજી નં.૧૧૨ તા.૨૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૮–૫–૧૦ ની અરજીથી (૧) આઈડીયલ પબ્લીક સ્કુલ ઓમ નગર પાસે ખરવાસા રોડની બાંધકામનીપરવાનગી કાયદેસરતા તથા સ્કુલ ચલાવવા માટેનું લાયસન્સ લીધેલ છે કે કેમ? તથા માળ, ક્ષેત્રફળ, પાર્કીગ સ્કુલમાં જોઈએ તે તમામ સુવિધા છે કે કેમ? તમામ કાયદેસરતા સાથે માહિતી આપવી. (૨)રાહુલરાજ માર્કેટ લીંબાયતઝોન પાસે આ માર્કેટ માટે બાંધકામ પરવાનગી કાયદેસરતા માળ, ક્ષેત્રફળ, પાર્કીગ તથા આ માર્કેટ ધ્વારા પાછળના ભાગમાં ખાડીનું પુરાણ કરી અમુક ભાગ માર્કેટમાં સમાવી દીધેલ છે તેની પરવાનગી કાયદેસરતા વિગેરે અને પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સાથે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૨/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૮–૫–૧૦ ની અરજીથી (૧) આઈડીયલ પબ્લીક સ્કુલ ઓમ નગર પાસ ે ખરવાસા રોડની બાંધકામનીપરવાનગી કાયદેસરતા તથા સ્કુલ ચલાવવા માટેનું લાયસન્સ લીધેલ છે કે કેમ? તથા માળ, ક્ષેત્રફળ, પાર્કીગ સ્કુલમાં જોઈએ તે તમામ સુવિધા છે કે કેમ? તમામ કાયદેસરતા સાથે માહિતી આપવી. (૨)રાહુલરાજ માર્કેટ લીંબાયતઝોન પાસે આ માર્કેટ માટે બાંધકામ પરવાનગી કાયદેસરતા માળ ક્ષેત્રફળ, પાર્કીગ તથા આ માર્કેટ ધ્વારા પાછળના ભાગમાં ખાડીનું પુરાણ કરી અમુક ભાગ માર્કેટમાં સમાવી દીધેલ છે તેની પરવાનગી કાયદેસરતા વિગેરે અને પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સાથે માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ થયેલ હોય તો તે અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૫ તા. ૨–૭–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૪૩૯ તા.૮–૭–૧૦ થી પૂરક વિગતોમાં લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/૫૨૨ તા.૨૦–૫–૧૦ ના તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ ની નકલ અત્ર ે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સાઈ.ઝોન/મહેકમ/૧૩૦૨ તા.૧૨–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૩૦૧ તા.૧૨–૭–૧૦ ના પત્રની નકલ તથા તેને યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી સા.ઈ.ઝોન લીંબાયત ખાતે કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૫૨૨ તા.૨૦–૫–૧૦ થી અંશતઃ શહેર વિકાસ અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ અને જિલ્લાણાધિકારી કલેકટર કચેરી, નાનપુરાને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જિલ્લાશિક્ષાધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી જા.ન.પ્રા./૪૨ તા.૧૬–૬–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જયારે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ / ૧૩૦૧ તા.૧૨–૭–૧૦ થી પત્રથી માહિતી આપવામાં આવેલ છે. ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં. (૧) આઈડીયલ પબ્લીક સ્કુલ ઓમ નગર પાસે ખરવાસા રોડની બાંધકામનીપરવાનગી કાયદેસરતા તથા સ્કુલ ચલાવવા માટેનું લાયસન્સ લીધેલ છે કે કેમ? તથા માળ, ક્ષેત્રફળ, પાર્કીગ સ્કુલમાં જોઈએ તે તમામ સુવિધા છે કે કેમ? તમામ કાયદેસરતા સાથે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને સીટી ઈજનેર લીંબાયતઝોન તરફથી " ડ્રાફટ ટીપી સ્કીમ નં.૬૯ (ગોડાદરા ડીંડોલી) બ્લોક નં.૧૩૬,૧૩૭,૧૪૭,૧૪૮,૧૪૯ ૩૮૭ અને ૫૦૨ પૈકી ઓમનગર નામે ઓળખાતી સોસા. ના સુડા / વિપસ/યુ–૪ ૬૧૮૦ અ/૩૩૦૯ તા.૯–૬–૦૫ થી બાંધકામ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. સ્કુલ ચલાવવા બાબતના લાયસન્સ અંગે આગળની કામગીરી માટે જિલ્લાશિક્ષણાધિકારીને અને મધ્યસ્થ શહેર વિકાસને પત્ર નં.૫૨૨ તા.૨૦–૫–૧૦ થી અરજી તબદીલ કરવામાં આવેલ છે. જેમાં જિલ્લાશિક્ષણાધિકારી તરફથી પત્ર નં.જાવક નં. પ્રાથમિક/આઈ ડી ૪૨ તા.૧૬–૬–૧૦ થી શાળા ચાલુ કરવા અંગેની મંજુરી લેવામાં આવેલ છે અને જેની નકલ આપવામાં આવેલ છે. વધુ દસ્તાવેજો માટે ચાર્જ ભરી માહિતી પૂરી પાડવાનું જણાવેલ છે. (૨) રાહુલરાજ માર્કેટ લીંબાયતઝોન પાસે આ માર્કેટ માટે બાંધકામ પરવાનગી કાયદેસરતા માળ ક્ષેત્રફળ, પાર્કીગ તથા આ માર્કેટ ધ્વારા

પાછળના ભાગમાં ખાડીનું પુરાણ કરી અમુક ભાગ માર્કેટમાં સમાવી દીધેલ છે તેની પરવાનગી કાયદેસરતા વિગેરે અને પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સાથે માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર લીંબાયતઝોન તરફથી પ્રસ્તાવિત ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ ખાડીને લાગુ આવેલ છે મિલ્કતદાર તરફથી તેઓના ફાયનલ પ્લોટમાં માટીના પુરાણ દરમ્યાન ખાડીના ભાગે કેટલુંક પુરાણ જણાતા ઝોન કચેરીએથી કાયદેસરની કાર્યવાહી કરી તે દુર કરવાની કાર્યવાહી ચાલુ કરાવેલ છે તેમજ તે માટે તેઓ પાસેથી જરૂરી ડીપોઝીટ પણ લેવામાં આવેલ છે. આ જગ્યાના માલિક શ્રી રાજેશ કે. શાહ તથા અન્યોના પાવરદારની છે. અને ૫૫૨૪૦.૦૦ ચો.મી. વિસ્તારમાં બાંધકામ કરવા મુખ્ય શહેર વિકાસ વિભાગ તરફથી સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ થી રાહુલરાજ ટેક્ષ. માર્કેટના પ્લાનો તાંત્રિક દ્રષ્ટિએ યોગ્ય જણાતા મે. કમિ.શ્રીએ તા.૧૩–૧૧–૦૯ થી સૈધ્ધાંતિક રીતે મંજુરી આપેલ છે. વધુમાં પ્રશ્નવાળી મિલ્કતનો પ્લાન એરીયા ૫૫૨૪૦.૦૦ ચો. મી. છે. જેમાં બેઝમેન્ટ + ગ્રા.ફલોર + પ્રથમથી આઠમા માળના (એ) અને (બી) ટાઈપના બે હાઈરાઈઝ કોમર્શીયલ બીલ્ડીંગના પ્લાનો મંજુર થયેલ છે. જે બાબતે અરજદારે તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી બે જગ્યાએ ચાલતાં બાંધકામની કાયદેસરની પરવાનગી રાહુલરાજ માર્કેટ ધ્વારા થતું ખાડી પુરાણની પરવાનગી ન આપી હોય તો જવાબદાર અધિકારીઓના નામ તથા જિલ્લાશિક્ષણાધિકારીને તેઓએ માહિતી આપવા જણાવેલ છે. પરંતુ તેઓ ધ્વારા જે માહિતી આપવાની થાય છે આપી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ આઈ ડીયલ પબ્લીક સ્કુલ ઓમનગર પાસે ખરવાસા રોડની બાંધકામના પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ છે તથા રાહુલરાજ ટેક્ષટાઈલની સૈધ્ધાંતિક મંજુરી તા.૧૩–૧૧–૦૯ ના રોજ આપેલ છે તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. આમ અરજદારને બે જગ્યાએ બાંધકામની માહિતી પૂરી પાડેલ જણાય છે. તેમજ ખાડી પુરાણની પરવાનગી બાબતે પણ જાહેર માહિતી અધિકારી અને સીટી ઈજનેર તરફથી મુદ્દા નં.૨ માં તેની માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૮–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી લાગત જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,